ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગર ખાતે પટાવાળાની ૦૧ (એક) જગ્યા આઉટસોર્સથી ભરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/IWDMS1.0/e-file/17/2022/0051/A Section-PF1
સચિવાલય, ગાંધીનગર.
તા.ઈ-સાઈન મુજબ

**વંચાણે લીધાં:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧/૧૨/૨૦૨૫ નો ઠરાવ ક્રમાંક: SJED/IWDMS1.0/e-file/17/2022/0051/A Section

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૧/૦૪/૨૦૧૦ નો ઠરાવ ક્રમાંક: મકમ/૨૦૦૪/૨૫૩૯/(૧)/ખ.૩

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૧/૦૯/૨૦૨૬ નો પત્ર ક્રમાંક: DDCW/Miscellaneous/e-file/225/2024/0552/Administrative

**આમુખ:**

આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગર ખાતે ૦૨ પટાવાળા સહિત હંગામી મહેકમની કુલ ૦૫ જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૭ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી. પટાવાળા (વર્ગ-૪)ની કુલ ૦૨ જગ્યા પૈકી ૦૧ (એક) જગ્યા પર ફરજમાન નિગમના નિયમિત કર્મચારી તા.૩૦/૦૬/૨૦૨૬ ના રોજ વયનિવૃત્ત થયેલ હોઈ, સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨) પરના ઠરાવની જોગવાઈઓને આધીન વંચાણે લીધેલ ક્રમાંક (૩) હેઠળના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગર ખાતે ઉક્ત પટાવાળાની ૦૧ (એક) જગ્યા આઉટસોર્સથી ભરવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ ખાતે પટાવાળા (વર્ગ-૪)ની કુલ ૦૨ જગ્યા પૈકી ૦૧ (એક) જગ્યા પર ફરજમાન નિગમના નિયમિત કર્મચારી તા.૩૦/૦૬/૨૦૨૬ ના રોજ વયનિવૃત્ત થયેલ હોઈ, નીચેની શરતોને આધીન, તા.૦૧/૦૭/૨૦૨૬ થી વયનિવૃત્તિના કારણે ખાલી પડેલ નિગમની પટાવાળાની ૦૧ (એક) જગ્યા આઉટસોર્સથી ભરવા માટે આથી મંજુરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આઉટસોર્સથી સેવા મંજૂરી મુજબના સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેના થી વધુ સમય માટે આ સેવા નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પશ્ચાતવર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઈપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.

(૨) આઉટસોર્સથી સેવા લેવા અંગે મંજુરી મળ્યા બાદ GEM Portal પર માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત લેવા અંગેની નિયત કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૩) આઉટસોર્સની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે . સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યારબાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૪) નિયામકશ્રી(વિ.જા.ક) દ્વારા ડ્રાઈવર અને વર્ગ-૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે.

(૫) નિયામકશ્રી(વિ.જા.ક) દ્વારા રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટ્સોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા, ઇપીએફ, ટીડીએસ , સર્વીસ ટેક્ષ , GST, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રી(વિ.જા.ક)ની રહેશે. નિયામકશ્રી(વિ.જા.ક) દ્વારા આ અંગે એજન્સી ઉપર યોગ્ય મોનીટરિંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી નિયામકશ્રી(વિ.જા.ક)ની રહેશે.

(૬) માન્ય આઉટસોર્સ એજન્સી દ્વારા આઉટસોર્સ મેનપાવરને નિયત મહેનતાણું સમયસર ચુકવવામાં આવે તે અંગે નિયામકશ્રી(વિ.જા.ક) દ્વારા યોગ્ય મોનીટરીંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલાં લેવાની જવાબદારી નિયામકશ્રી(વિ.જા.ક)ની રહેશે.

(૭) મહેનતાણાના દરો નાણાવિભાગની પૂર્વ મંજુરી મેળવીને નિયત કરવાના રહેશે. તેમજ નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મહેંનતાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી.

(૮) આઉટસોર્સથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.

(૯)આઉટસોર્સ જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.

(૧૦)આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૧) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૨) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૩) સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૧૪) આ સેવાઓ વખતો-વખત મેળવવાની થાય તો સેવાની મુદત લંબાવવાની દરખાસ્ત મુદત પુરી થવાના ૨ (બે) માસ અગાઉ અત્રેના વિભાગ મારફતે નાણા વિભાગને રજૂ કરી વધુ ૧૧ માસ માટે સેવા મેળવવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૨/૧૦/૨૦૨૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-Sd/-

(સમીર ગરાસિયા)

સેકશન અધિકારી

પ્રતિ,

• નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

• નાણા સલાહકારશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ), સચિવાલય, ગાંધીનગર.

• એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ

• મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ. બ્લોક નંબર-૭/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

• પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર (ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગર મારફત)

• સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ- વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતી સહ...

• શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૬

*Signature Not Verified*

*Signed by:Samir Garasia*
*Section Officer*
*Date:2026.10.16*
*10:59:26 +5:30*